# 8 કપલ્સની 40 વર્ષની અતૂટ મૈત્રી




**આ વતીકાલે એટલે કે રવિવારે મિત્રતાનો દિવસ ફ્રેન્ડશિપ ડે છે. દર વર્ષે ઓગસ્ટના પહેલા રવિવારને ફ્રેન્ડશિપ ડે તરીકે ઉજવવામાં આવે છે. મિત્રો એકબીજાને ફ્રેન્ડશિપ બેન્ડ બાંધીને તેઓ પ્રત્યે ધન્યવાદ, પ્રેમ, સમ્માનની લાગણી વ્યક્ત કરે છે. બાળક નાનું હોય ત્યારથી જ પોતાની સોસાયટીના, એપાર્ટમેન્ટના બીજા સમાન વયનાં બાળકો સાથે મિત્રતા બાંધે છે પછી સ્કૂલ- કોલેજમાં જે મિત્રો બને છે તે ક્યારેક પાક્કી ફ્રેન્ડશિપમાં પરિણમતા હોય છે. આજનો જમાનો તો ઈન્ટરનેટ, મોબાઈલ ફોનનો છે. જ્યારે મન થાય ત્યારે આંગળીના ટેરવે ફોનના બટન પ્રેસ કરીને લાગણીસભર મેસેજ ફ્રેન્ડને મોકલી શકાય છે પણ આજથી 40-45 વર્ષ પહેલાં મોબાઈલ ફોન તો જવા દો લેન્ડલાઈન ફોન પણ બહુ ઓછા લોકોના ઘરમાં હતા ત્યારે ફ્રેન્ડશિપ સ્કૂલ-કોલેજના કેમ્પસમાં થતી. ક્યારેક તેમાંથી પ્રેમ પાંગરતો અને બીજા મિત્રો આવા પ્રેમમાં પડેલા કપલ વારંવાર મળી શકે તે માટે તેમને સ્પેસ આપતા. જો આ પ્રેમી યુગલ પરિવારના વિરોધને કારણે લગ્ન નહીં કરી શકે તો મિત્રો જ તેમને ભાગી જવામાં મદદ કરતા. આજે અમે આવી જ એક મિત્રતાની કહાની તમારી સમક્ષ મૂકી રહ્યા છીએ. આજથી 40 વર્ષ પહેલાં આઠ બહેપણીઓ આઠ દોસ્તારો હતા યોગાનુંયોગ તેમની મૈત્રી થઇ અને અંદર અંદર પરણી પણ ગયા. આજે તેઓ પૌઢાવસ્થામાં પહોંચ્યાં છે પણ તેમણે પોતાની ફ્રેન્ડશિપ આજે પણ ટકાવી રાખી છે. આ મિત્રો કોણ છે, તેમની પ્રેમકહાની લગ્નમાં કઈ રીતે પરિણમી, તેમાં તેમના આ મિત્રોનો સાથ કઈ રીતે મળ્યો, હજી પણ તેમની ફ્રેન્ડશિપ અકબંધ રહી તો ક્યાં પરિબળો કારણે ચાલો આ મિત્રોને મળીને તેમની મિત્રતા વિશે જાણીએ...**



## આ સહેલીઓના પતિઓ નવયુગ કોલેજમાં બદરી એન્ડ કમ્પની તરીકે ઓળખાતા

આ સહેલીઓના જીવનસાથી નવયુગ કોલેજમાં આગળપાછળનાં વર્ષોમાં ભણ્યા હતાં. રિનલબેનના હસબન્ડ જ્યેન્દ્રસિંહ ઠાકોર, ભાવનાબેનના હસબન્ડ ગુણવંતભાઈ, જયનાબેનના હસબન્ડ અજય પંડ્યા, શશીકલાબેનના હસબન્ડ મુકેશકુમાર દૂધવાળા, રાધાબેનના હસબન્ડ મુકેશકુમાર મીઠાઈવાળા, મીનાબેનના હસબન્ડ દિનેશભાઈ, ઉષાબેનના હસબન્ડ વીતશોક દેસાઈ, રિનાબેનના હસબન્ડ હર્ષદભાઈ પટેલ - આ બધા જ પાક્કા મિત્રો નવયુગ કોલેજમાં જ ભણેલા. આ લોકોની બેઠક લાલગેટ પરની બદરી રેસ્ટોરન્ટ હતી. જો કોઈએ આ મિત્રોને શોધવા હોય તો બદરી પર પહોંચી જતાં. રાત્રે મોડે સુધી અહીં જ બેઠક રહેતી અને બદરી બંધ થઈ જાય પછી બધા જ મિત્રો એની સામેની સાઈડમાં બેસી જતાં. બદરી પર બેઠક રહેતી હોવાથી એમને નવયુગ કોલેજમાં બધા બદરી એન્ડ કમ્પની કહેતા.



## આ 8 સહેલીઓનો પરિચય: રાધાબેન

1981નો સમય હતો. એ વખતે છોકરીઓ કોલેજમાં ભણવા જાય તો માતા-પિતા તેમને છોકરાઓ સાથે ફ્રેન્ડશિપ નહીં કરવા કડક શબ્દોમાં કહેતા છતાં કોલેજ કેમ્પસમાં વિજાતીય પાત્રોની ચાર આંખો મળતી અને ઇશારાની ભાષામાં એકબીજા પ્રત્યેની લાગણીઓ વ્યક્ત થતી. એ વખતે પ્રેમમાં ગંભીરતા પણ રહેતી, કદાચ એટલે જ કોલેજ કેમ્પસમાં પાંગરતો પ્રેમ લગ્નના સાત ફેરામાં પરિણમતો. આપણે આજે 40 વર્ષ પહેલાં નવયુગ કોલેજમાં ભણતી વિદ્યાર્થિનીઓની પ્રેમકહાની, તેમની લગ્ન માટેની પારિવારિક નાટકીય સિચ્યુએશન અને 40 વર્ષ બાદ પણ ટકાવી રાખેલી ફ્રેન્ડશિપ પર વાતો કરીએ. એ પહેલાં આપણે આ આઠ સહેલીઓનો પરિચય મેળવી લઈએ. 61 વર્ષના ભાવનાબેન ગુણવંતભાઈ પટેલ સિટીલાઈટ વિસ્તારમાં રહે છે અને N.G.O. ચલાવે છે. સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 64 વર્ષીય જયનાબેન પંડ્યા હાઉસ વાઈફ છે. પહેલાં તેઓ ટ્યુશન કલાસ ચલાવતાં. મુગલીસરામાં રહેતાં 61 વર્ષીય રાધાબેન મીઠાઈવાળા બિઝનેસ વુમન છે. તેઓ મીઠાઈના બિઝનેસ સાથે સંકળાયેલાં છે. બરબોધનમાં રહેતાં 63 વર્ષીય શશીકલાબેન દૂધવાળા હાઉસવાઈફ છે. તેઓ સ્પિરિચ્યુઅલ લાઈફ જીવે છે. શાહપોરમાં રહેતાં 45 વર્ષીય રિનલ ઠાકોર હાઉસવાઈફ છે. અડાજણમાં રહેતાં 64 વર્ષના ઉષાબેન દેસાઈ હાઉસવાઈફ છે. તેઓ પહેલાં પોસ્ટ ખાતામાં રીકરીંગનું કામ કરતાં હતાં, અડાજણ વિસ્તારમાં જ રહેતાં 63 વર્ષીય મીનાબેન વાડીવાળા હાઉસવાઈફ છે. 63 વર્ષના રીનાબેન પણ અડાજણ એરિયામાં જ રહે છે. તેઓ હાઉસવાઈફ છે.

## શશીકલા અને રાધાએ તેમનો પ્રેમ પરિણયમાં પરિણમે તે માટે ત્રણ દિવસ અન્નનો ત્યાગ કર્યો



પ્રેમમાં ડ્રામા માત્ર ફિલ્મોમાં થાય છે એવું નથી પણ અસલ જિંદગીમાં પણ થતો હોય છે. શશીકલા અને રાધા બંને સગી બહેનો છે. 63 વર્ષીય શશીકલાબેન અને તેમની સિસ્ટર રાધા (રાજેશ્રી) ની લવસ્ટોરીમાં પણ ફિલ્મો જેવા ડ્રામા સર્જાયા હતા. આ બંને બહેનો રાજસ્થાની રાજપૂત ખાનદાનની જ્યારે શશીકલા જેમના પ્રેમમાં હતા તે મુકેશકુમાર દૂધવાળા અને રાધા જેમના પ્રેમમાં હતા તે મુકેશકુમાર( મુન્નાભાઈ) મીઠાઈવાળા સુરતી મોઢ વણિક એટલે પરિવાર લગ્નની વિરોધમાં હતો. તો બંને બહેનોએ ત્રણ દિવસ અન્નનો ત્યાગ કર્યો હતો. પછી મમ્મીપપ્પા પીગળી ગયાં અને રાધબેનના મેરેજ શશીકલાની પહેલાં થયા. બંને બહેનોની લવસ્ટોરી કઈ રીતે પાંગરી તેના વિશે શશીકલાબેને જણાવ્યું કે, ‘‘હું નવયુગમાં ભણતી હતી અને રાધા એમ.ટી.બી. માં ભણતી હતી. મને મધરે કીધું હતું કે કોલેજમાં બધા છોકરાઓના નામની પાછળ ભાઈ લગાવવાનું. હવે નવયુગમાં મુકેશકુમાર દૂધવાળાને હું મુકેશભાઈ કહીને જ બોલાવતી પણ કોલેજના ઇલેક્શન દરમિયાન તેમણે મને I Love You કીધું પણ હું તો આમ વાતોમાં આવી જાઉં એવું નહોતું, તો મેં કીધું લગ્ન કરવા તૈયાર છે? તો તમારી મમ્મી સાથે મુલાકાત કરાવો. મારા ફ્રેન્ડ મુકેશકુમાર (મુન્નાભાઈ) મીઠાઈવાળા પણ નવયુગ કોલેજમાં જ ભણતા હતા. તેમણે એક વાર રાધાને મારી સાથે જોઈ અને પછી મુકેશ મીઠાઈવાળા તો એમટીબી કોલેજના ચક્કર કાપવા લાગ્યા. મેં રાધાને મુકેશ મીઠાઈવાળાના પ્રેમ પ્રપોઝલને સ્વીકારવા રાજી કરી. પછી તો કોઈએ અમારા બંનેના પ્રેમસંબંધની જાણ અમારા પરિવારમાં કરી. થોડા ડ્રામા જેવાં દ્રશ્યો ઘરમાં સર્જાયાં પછી ઘરનાઓએ જ ધામધૂમથી બંને બહેનોના લગ્ન કરી આપ્યા.’’ જો કે, રાધાબેને ઉમેર્યું કે લવ મેરેજ આસન નથી હોતા. એરેન્જ મેરેજ કરીને સાસરે જતી છોકરી કરતાં લવ મેરેજ કરીને સાસરે જતી છોકરીઓને સાસરિયાં વધારે પરખતા હોય છે. રાધાબેને જણાવ્યું, ‘‘મારા હસબન્ડે 11 વર્ષ પહેલાં દિક્ષા લીધી છે. તેઓ હાલ મહારાષ્ટ્રમાં છે. જ્યારે તેમનું સુરત આવવાનું થાય ત્યારે આ બધા મિત્રો તેમને મળવા જાય છે.’’

## મિત્રોને જ બનાવ્યા એપ્રિલ ફુલ

શશીકલાબેન અને તેમના હસબન્ડ તથા રાધાબેનના હસબન્ડે તેમના ફ્રેન્ડ્સ ગ્રુપના જ મિત્રોને એવા એપ્રિલ ફૂલ બનાવ્યા હતા કે આજે પણ જ્યારે જ્યારે પહેલી એપ્રિલ આવે છે આ 8 કપલ્સ 1982-83ના એપ્રિલ ફુલના તે કિસ્સાને યાદ કરીને હજી પણ પેટ પકડીને હસે છે. ત્યારે તો આમાંના એક પણ કપલના લગ્ન નહોતા થયા. શશીકલાબેને તેમની સિસ્ટર રાધાને કહ્યું હતું કે તને બધા કોંગ્રેચ્યુલેશન કહે તો તારે thank you કહેવાનું અને પછી ગ્રુપના બધા મેમ્બર્સને કહેવામાં આવ્યું કે રાજી (રાધા) અને મુકેશકુમાર મીઠાઈવાળાની સગાઈ થઈ ગઈ છે એટલે તેમના તરફથી હોટેલમાં પાર્ટી- જે ખાવું હોય તે ખાઈ શકો છો. બધાં હોટેલમાં મન ભાવે તે ઓર્ડર કરવા લાગ્યા. બધાંને એવું જ હતું મીઠાઇવાળા પૈસાદાર પાર્ટી છે બિલની શું ચિંતા કરવાની. રાધાબેન, તેમનાં સિસ્ટર અને બંને બહેનોના પાર્ટનર ધીરે ધીરે ત્યાંથી સરકી ગયાં અને પછી જે બાકી રહ્યાં તેમને વેઇટરે કવર આપ્યું જેમાં લખ્યું હતું ‘એપ્રિલ ફુલ’. હવે બિલ કઈ રીતે ભરવું તેની ચિંતામાં બધાં જ અકળાઈને એપ્રિલ ફુલ બનાવનાર કપલને હવે છોડીશું નહીંની દાઝ કાઢવા લાગ્યાં હતાં.

## ફ્રેન્ડના જ નાના ઘરમાં આ 8 કપલે કથાનું આયોજન કરીને ફ્રેન્ડશિપ ડે સેલિબ્રેટ કર્યો હતો



પ્રેમમાં પડ્યા અને લવ મેરેજ કરવામાં એકબીજાને સાથ આપનાર આ 8 સહેલીઓનું કહેવું હતું કે, ‘‘અમે ગણેશ ઉત્સવમાં, પારિવારિક લગ્ન પ્રસંગોમાં, નવરાત્રી, બર્થડે, ધુળેટી, મેરેજ એનિવર્સરી સેલિબ્રેશન વખતે ભેગા થઈએ છીએ. અમે કોલેજ કરતાં હતાં ત્યારે તો વેલેન્ટાઈન ડે વિશે અમને કોઈને ખ્યાલ નહોતો. ત્યારે તો મોબાઈલ ફોન તો હતા જ નહીં. અમારા અમુક ફ્રેન્ડ્સનાં ઘરોમાં લેન્ડલાઈન ફોન પણ નહોતા. એ જમાનો તો S.T.D., P.C.O. ફોન બુથનો હતો. પ્રેમમાં હતાં ત્યારે અમે તો અમારા પાર્ટનરને પ્રેમચિઠ્ઠી લખતા. લગ્ન બાદ એક વાર અમે આઠેઆઠ કપલ રાંદેર સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડના નાનકડા ઘરમાં રહેતી અમારી ફ્રેન્ડ ઉષા દેસાઈને ત્યાં ભેગાં થયાં હતાં. તે દિવસ ફ્રેન્ડશિપ ડે હતો. ત્યાં કથાના આયોજન બાદ અમે સાદાઈથી ફ્રેન્ડશિપ ડે સેલિબ્રેટ કર્યો હતો. અમારી ફ્રેન્ડશિપને 40 કરતાં વધુ વર્ષો થઇ ચૂક્યાં છે. હા, લગ્ન બાદ બાળકોની જવાબદારીને કારણે વચ્ચે વચ્ચે ફ્રેન્ડશિપમાં બ્રેક પડી જતો કેમ કે, અમને ફિમેલ્સને ઘર પરિવારની જવાબદારીમાંથી એકબીજાને મળવાનો સમય નહોતો મળતો. જો કે, આ બધી જ સહેલીઓના હસબન્ડ તેમના ફ્રેન્ડસને મળવાનો સમય કાઢી લેતાં. અમારી આટલી સારી મિત્રતા હોવા છતાં અમે આપસમાં સંબંધી નહીં બની શક્યાં એ વાતનો અમને અફસોસ છે. સંબંધી એટલા માટે નહીં બની શક્યાં કેમ કે અમારાં બાળકો એકબીજાને ભાઈબહેનની દ્રષ્ટિથી જ જોતાં કેમ કે તેઓ અમારા ફ્રેન્ડસને અંકલ- આંટી તરીકે જોતાં. એને કારણે તેઓ અંકલઆંટીનાં બાળકો ભાઈબહેન થાય તેવું માનતાં.

## ભાવનાબેન પટેલ હતાં નવયુગ કોલેજના Fair & Lovely



ભાવનાબેન પટેલ આજે 60 વર્ષનાં છે પણ જ્યારે તેઓ 20 વર્ષનાં હતાં ત્યારે તેમની આકર્ષક હાઈટ અને ફેર સ્કીનને કારણે નવયુગ કોલેજના સ્ટુડન્ટ્સ તેમને Fair & Lovely કહેતા. એ વખતે ગુણવંતભાઈ પટેલ નવયુગ કોલેજમાંથી પાસ આઉટ થઈ ચૂક્યા હતા પણ તેઓ રોજ કોલેજ આવતા. કોલેજમાં GS ના ઈલેક્શન દરમિયાન ભાવનાબેન અને ગુણવંતભાઈ પટેલ વચ્ચે પ્રેમ પાંગરવા લાગ્યો. ગુણવંતભાઈની કોલેજમાં બહુ ધાક એટલે પછી તો કોઈ પણ સ્ટુડન્ટ્સની હિંમત નહીં થતી ભાવનાબેનને Fair & Lovely કહેવાની. ભાવનાબેને પ્રેમકહાની છુપાવવા ઘરમાં ભગવાનના ખોટા સમ પણ ખાધા. પછી તો તેમની આંખને ઇન્જરી થઈ ત્યારે ગુણવંતભાઈ ચૂપકે ચૂપકે ભાવનાબેનને મળવા હોસ્પિટલ આવ્યા. ઘરમાં મમ્મી રાજી નહીં થતાં આખરે ભાવનાબેન તેમની એક ફ્રેન્ડના ઘરે ચાલ્યાં ગયાં. પપ્પાએ જ લગ્નની તારીખ કઢાવી આપી. મમ્મીને જ્યારે લગ્ન થઈ રહ્યા છે તેની ખબર પડી તો તેમની તબિયત લથડી અને તેમને હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યાં. એક તરફ મમ્મી હોસ્પિટલમાં અને બીજી તરફ મારા લગ્ન અમારા ગ્રુપના જ એક ફ્રેન્ડના ઘરે થયા. મારી આંખમાં ઇન્જરીને કારણે આંખમાં 9 ટાંકા આવ્યા હતા, કોલેજમાં એવી વાતો ફેલાઈ હતી કે મારી એક આંખ કાચની નાખવામાં આવી છે. જો કે તે વાત ખોટી છે પણ આંખમાં ઇન્જરી થઈ ત્યારે ટ્રીટમેન્ટ લાંબી ચાલી હતી. અમારા મેરેજ અમારા મિત્ર ગ્રુપના મીનાબેન અને દિનેશભાઇએ કરાવ્યા હતા અને સપોર્ટ જયેન્દ્રભાઈએ કર્યો હતો.



## જયના અને અજય સાથે રહી શકે તે માટેની સ્પેસ મિત્રો આપતાં

જયનાબેન પંડ્યાએ જણાવ્યું કે, ‘‘હું નવયુગ કોલેજમાં ફર્સ્ટ યર બી.કોમ. માં હતી ત્યારે આ જ કોલેજના અજય પંડ્યા અને હું ક્યારે પ્રેમમાં પડ્યાં તેનો ખ્યાલ જ નહીં આવ્યો પણ પહેલી નજરનો જ પ્રેમ હતો. અમે પ્રેમમાં છીએ તેનો ખ્યાલ નવયુગ કોલેજના અમારા આ બધા ફ્રેન્ડ્સને આવી જતાં અમે બંને નજીક રહી શકીએ એટલા માટે અમને સ્પેસ આપતાં. પાર્ટીમાં અમને બંનેને સાથે લઈ જતાં, ગાડીમાં પાસપાસે બેસાડે. મિત્રોનું આ ગ્રુપ અમારા બંને માટે એવું વાતાવરણ ઊભું કરતાં કે અમને સાથે રહેવાનું મળે. મારાં મમ્મી-પપ્પાએ પણ લવ મેરેજ કર્યા હતા છતાં તેઓ મારા અજય સાથે મેરેજ માટે નહીં માન્યાં. ઊલટાનું મારી પર રિસ્ટ્રીકશન લાવ્યાં હતાં. મારા લગ્ન બીજે કરાવવાની તૈયારી ચાલતી હતી પણ મેં અને અજયે ઘરમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, અમે કોઈ બીજા સાથે લગ્ન નહીં કરીશું. પછી બંને પરિવાર અમારા પ્રેમ સામે ઝૂક્યા અને પછી ધૂમધામથી અમારા લગ્ન કરાવી આપ્યા હતા.’’

## મીનાબેનને ભાગીને મેરેજ કરવામાં ફ્રેન્ડ જ્યેન્દ્રભાઈએ મદદ કરી હતી

મીનાબેને જણાવ્યું કે, ‘‘હું દેસાઈ સમાજની અને મારા હસબન્ડ દિનેશ વાડીવાળા ભંડારી. અમે બંને પણ નવયુગમાં સ્ટડી કરતાં હતાં અને પ્રેમમાં પડયાં પણ કાસ્ટ અલગ અલગ હોવાથી અમારાં પેરેન્ટ્સ મેરેજ માટે માન્યા નહીં તો પછી અમે ઘરેથી ભાગીને મેરેજ કર્યા. અમને સુરતમાંથી ભાગી જવામાં મદદ અમારા ફ્રેન્ડ જ્યેન્દ્રભાઈએ કરી હતી. જ્યારે હર્ષદ પટેલ નવયુગ કોલેજમાં ઇલેક્શનમાં ઊભા હતા ત્યારે તેમને રીનાબેન સાથે પ્રેમ થયો હતો. તેમને મુકેશભાઇ દૂધવાળાએ ભાગી જવામાં મદદ કરી. રીનાબેન જૈન અને હર્ષદભાઈ કોળી પટેલ છે.’’

## મિત્રો રહી શકે તે માટે ગણદેવીમાં લીધું ફાર્મહાઉસ



આ 8 કપલ્સની ફ્રેન્ડશિપ એટલી પાક્કી છે કે એકબીજા માટે જાન ન્યોછાવર કરવા તૈયાર છે. મીનાબેન વાડીવાળાના લાઈફ પાર્ટનર દીનેશભાઈએ ગણદેવીમાં ફાર્મ હાઉસ લીધું છે. ફાર્મ હાઉસ લીધું ત્યારે દીનેશભાઈએ મિત્રોને જણાવ્યું હતું કે, આ ફાર્મ હાઉસ મિત્રોને જ્યારે મન થાય ત્યારે આવીને રહી શકે તે માટે જ ખાસ ખરીદ્યું છે. જો ના કરે નારાયણ પણ તેમના ગ્રુપના કપલ્સને બાળકોથી વેગળા થવાનો વારો આવ્યો, તો બધા જ ફ્રેન્ડ્સ અહીં રહી શકશે અને પોતાનું વૃદ્ધત્વ મજેથી અહીં વિતાવી શકશે તેવો ઉદ્દેશ્ય ફાર્મહાઉસ ખરીદવા પાછળનો રહ્યો છે.



## રિનલબેનનો બચપનનો પ્રેમ હતો

રિનલબેન અને તેમના હસબન્ડ જ્યેન્દ્રસિંહની લવસ્ટોરી પણ ફિલ્મી લવસ્ટોરી જેવી જ છે. રિનલબેને જણાવ્યું કે, ‘‘તેઓ સ્કૂલમાં ભણતાં હતાં ત્યારે તેમના જ મહોલ્લામાં રહેતાં જ્યેન્દ્રસિંહ ઠાકોરે તેમને પ્રપોઝ કર્યું હતું.’’ જ્યેન્દ્રસિંહ કરતાં રિનલબેનની ઉંમર ખાસ્સી નાની પણ બંને પ્રેમમાં પડ્યાં અને લવ લેટર્સની આપલે થવા લાગી. એકબે વખત આ લવલેટર્સ તેમનાં મધરના હાથમાં આવી જતાં ઘરમાં બંનેના પ્રેમસંબંધની ખબર પડી ગઈ. મમ્મી અને ભાઈ બંનેના લગ્ન માટે રાજી નહોતાં. એક દિવસ જ્યેન્દ્રસિંહ તેમના ઘરે ‘દિલ વાલે દુલ્હનીયા લે જાયેંગે’ ફિલ્મની જેમ તેમની મમ્મીને મનાવવા આવ્યા. મમ્મીને તો જ્યેન્દ્રસિંહ સંસ્કારી લાગ્યા અને પછી બંને લગ્નગ્રંથિથી જોડાયાં. જયેન્દ્રભાઈ ગેટ ટુ ગેધરનું ગોઠવે પણ કોઈ એક ફ્રેન્ડ પણ ફંક્શનમાં ના આવી શકે તેમ હોય તો તેઓ એ ફંકશન કેન્સલ કરી નાખે. તેમના માટે ફંક્શનમાં બધાં ફ્રેન્ડની હાજરી હોવી ખૂબ જ જરૂરી હોય.



## ઉષાબેન અને વીતશોક દેસાઈને ઘરેથી ભાગીને મેરેજ કરવામાં નવયુગની તેમની ફ્રેન્ડસની ટોળકીએ મદદ કરી

ઉષાબેન દેસાઈએ જણાવ્યું કે, ‘‘1979માં તેઓ 11મા ધોરણમાં સ્ટડી કરતાં હતાં ત્યારે તેમની એક ફ્રેન્ડના ઘરે વીતશોક દેસાઈ એકાઉન્ટ ભણાવવા આવતા હતા. મેં પણ તેમની પાસે એકાઉન્ટ ભણવાનું સ્ટાર્ટ કર્યું હતું. તેઓ નવયુગ કોલેજમાં ભણતા હતા ત્યાં જ મેં પણ એડમિશન લીધું. અમને બંનેને એકબીજા પ્રત્યે પ્રેમ ક્યારે થયો તેની ખબર જ નહીં પડી. ઘરે અમે અમારા પ્રેમસંબંધ વિશે જણાવ્યું પણ ઘરના રાજી નહીં થતાં અમે બંનેએ 1983માં ઘરેથી ભાગીને મેરેજ કર્યા હતા. એ સમયે અમે ભરૂચની એક હોટેલમાં રહ્યાં. એ વખતે અજયભાઈ અને જયનાબેન તથા બીજા મિત્રોએ મદદ કરી. મારા હસબન્ડ વીતશોક અમારા મિત્રોના ગ્રુપમાં સૌથી વધુ રમૂજ કરાવનાર છે. તેઓ એટલી કોમેડી કરે છે કે અમે બધાં પેટ પકડીને હસતાં હોઈએ.’’